ગાંધીનગર સમાચાર
તા. ૧૬-૪-૨૦૧૫, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી....

### બિહાર : ભાજપ માટે પ્રતિષ્ઠાનો જંગ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ - અમિત શાહ માટે બીજી તમામ બાબતો કરતાં આગામી વર્ષમાં આવનાર બિહાર વિધાનસભાની ચૂંટણીમાં ભાજપની વિજય પતાકા ફરકાવવાનો એજંડા 'ટૉપ પ્રાયોરિટિ'માં હોય તે સ્વાભાવિક છે. મોદી-શાહની જોડી માટે નીતીશકુમાર અને લાલુપ્રસાદ યાદવનું નવું સમીકરણ આ વિજયકૂચ સામેનો સૌથી મોટો પડકાર બની રહેલ છે. દેશ આખામાં બધડાટી બોલાવી દીધા પછી બિહારમાં પણ દિલ્હીની ચૂંટણી જેવું પ્રતિકુળ પરિણામ સાંપડે તો મોદીના પ્રચંડ પ્રભાવનાં વળતાં પાણી જેવી પરિસ્થિતિ સમરજાય, એ મુદ્દો આ બેઉ ગુજ્જુ નેતા સુપેરે સમજે છે. બીજી બાજુ બિહારમાં યેનકેન પ્રકારેણ ભાજપને સત્તાથી વેગળું રાખવાના એક મુદ્દાના કાર્યક્રમ પર નીતીશ અને લાલુ રાતદિવસ પરસેવો પાઢી રહ્યા છે. દેખીતી રીતે જ આ એમના માટે પ્રતિષ્ઠા કરતાં પણ વિશેષ અસ્તિત્વની લડાઇ બની રહેવાની છે. એકબીજાનું મોઢું નહીં જોનારા નીતીશકુમાર અને લાલુ યાદવને એકમેકની નજીક લાવવામાં સૌથી મોટો ફાળો નરેન્દ્ર મોદીનો જ ગણવો રહ્યો! બલકે મોદીના ડરથી જૂના જનતાદળનાં અલગ થઇ ગયેલાં ઘટકો પુનઃ એક નેજા હેઠળ ભેગા થઇ પોતાનું ખોવાયેલું વજૂદ પરત મેળવવાનો પ્રયાસ કરી રહ્યાં છે, તે પણ સમયની બલિહારી છે. મુલાયમસિંહના વડપણ અને ઘડપણની માન્યતા જાળવીને નવા પક્ષના પ્રતીક તરીકે સમાજવાદી પાર્ટીની સાઇકલ રહેશે, જે હવે આગામી ચૂંટણીમાં બિહારમાં મોદી-શાહના કમળને કચડવાની કોશિશ કરશે. ગત લોકસભાની ચૂંટણીમાં ઉત્તરપ્રદેશમાં અમિત શાહની વ્યૂહરચના અને મોદીની વાક્છટા - પ્રતિભા ધાર્યા કરતાં ઊંચા નિશાન પાડવામાં સફળ રહી હતી. બિહારમાં નીતીશકુમારના પગ નીચેની ધરતી સરકી ગઇ હતી અને ભાજપને અણધારી સફળતા સાંપડી હતી. હિંદી પટ્ટામાં બે ગુજરાતીઓની જુગલબંધી એવી તો જામી ગઇ કે રાજનાથસિંહ જેવા તત્કાલીન પક્ષપ્રમુખ સુદ્ધાં ગૌણ બની ગયા હતા. આંબેડકર જયંતીના દિવસે જયારે મોદી વિદેશગમન કરી 'મેક ઇન ઇંડિયા' ના એમના આશાસ્પદ કાર્યક્રમને અંજામ આપી રહ્યા હતા ત્યારે બિહારની રાજધાની પટનામાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ એમના 'આસિસ્ટંટ' રાજનાથસિંહની હાજરીમાં પક્ષના કાર્યકરોની અભૂતપૂર્વ રેલીને સંબોધી રહ્યા હતા. એ પણ મોદીની જ સ્ટાઇલમાં ગીરના સાવજની જેમ ઘુઘવાટા કરવા લાગ્યા છે. પટનાની રેલીમાં એમણે બિહારને જંગલરાજથી બચાવવા માટે નરેન્દ્ર મોદી સિવાય અન્ય કોઇ નેતા સક્ષમ નથી એવું વિધાન કર્યું ત્યારે એમની પાસે નીતીશ કે લાલુના પેંગડામાં પગ ઘાલી શકે એવો કોઇ સ્થાનિક નેતા નથી, એની પણ આડકતરી કબૂલાત થઇ ગઇ! એમણે કહ્યું કે જો પ્રજા ભાજપ તરફ નહીં વળે કાં તો નીતીશકુમાર કે પછી રાબડીદેવીના હાથમાં મુખ્યમંત્રી પદું આવી જશે. લાલુ યાદવને તો અદાલતે જ ચૂંટણી લડવાની મનાઇ ફરમાવેલી છે. પચી એમને પોતાની ભૂલ સુધારતા હોય એમ ઉમેર્યું અને બિહારી જુગલજોડીને પકડારીને કહ્યું કે શૂન્યમાં શૂન્ય ઉમેરવાથી શૂન્ય જ મળે! સામે લાલુએ રોકડો જવાબ પરખાવ્યો છે. એમણે ભાજપનાં દેશભરમાં વળતાં પાણી થઇ ગયા હોવાનું જણાવી કહ્યું છે કે બિહારમાં ભાજપ માંડ ચાર બેઠકો મેળવી શકશે. સત્તાની આ સાઠમારીમાં ભાજપની ભીતરી ભવાઇ પણ બહાર આવી છે. પટના સાહિબ બેઠકના સાંસદ શત્રુઘ્નસિંહા રેલીથી અળગા રહ્યા એટલું જ નહીં, એમણે આ અંગે એમની સ્પષ્ટ નારાજગી પણ દર્શાવી છે. અશ્વિની ચૌબે જેવા સિનિયર સાંસદને મંચ પર જતં અટકાવાયા છે અને બિહારમાં ચૂંટણી સંયોજક તરીકે રહી ચૂકેલા મોદી-વિરોધી પૂર્વ મહામંત્રી સંજય જોષીના જન્મદિવસે એમનાં પોસ્ટરો પ્રકાશિત કરવા બદલ તથા એમને અભિનંદન આપવા બદલ પાર્ટીના રાજ્યકક્ષાના મંત્રી સહિત કેટલાક અગ્રણીઓનો ઊધડો લેવામાં આવ્યો છે. ભાજપમાં ચાલી રહેલી આ ભવાઇના બીજે છેડે ગિરિરાજસિંહ જેવા વાણીશૂરા નેતા પણ છે. આવી પ્રતિકૂળતાઓ વચ્ચે અમિત શાહના મદદનીશના રોલમાં આવી ગયેલા કેન્દ્રીય ગૃહમંત્રી અને પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ રાજનાથસિંહ બિહારમાં બેતૃતીયાંસ બહુમતીવાળી ભાજપ સરકાર બનશે એવાં સપનાં બતાવી રહ્યાં છે. ઉભય પક્ષે બિહાર સમરાંગણ બની રહ્યું છે.

## મોબાઈલ એપ્લીકેશન Khelgujartનું મુખ્યમંત્રીના હસ્તો લોન્ચીંગ કરાયું

ગાંધીનગર, તા.૧૫

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ગુજરાતના પ્રતિભાવંત રમતવીરો માટે આગામી ખેલમહાકુંભ-૨૦૧૫ તેમજ સમર કેમ્પમાં ઓનલાઇન રજીસ્ટ્રેશન માટેની મોબાઇલ એપ્લીકેશન મોબાઇલ એપ્સ સરળ અને સુવિધાપૂર્ણ માધ્યમ બનશે.

એન્ડ્રોઇડ એપ્લીકેશનવાળા કોઇપણ ફોનમાં પ્લેસ્ટોરમાં જઇને ખેલે ગુજરાત એપ્લીકેશન ડાઉન લોડ કરી શકાય છે તેમજ રજીસ્ટ્રેશન થતાં જ સમર કેમ્પને લગતી તમામ અભિનંદનીય ગણાવ્યો હતો.

ખેલમહાકુંભ ૨૦૧૫માં ભાગ લેવા માટે પણ આ એપ્લીકેશન ઉપયોગી બનશે તેમજ ખેલમહાકુંભ-૨૦૧૪નું રજીસ્ટ્રેશન આઇ.ડી. ધરાવનાર ખેલાડી પોતાની પ્લેયર ડિટેઇલથી માહિતગાર થઇ



**Khelgujarat** નું આજે લોન્ચીંગ કર્યું છે.

ખેલમહાકુંભ ૨૦૧૪ના વિજેતા ખેલાડીઓ તેમજ પ્રતિભાશાળી ખેલાડીઓને તાલુકા જિલ્લા અને મહાનગર કક્ષાએ ૧૮ જેટલી વિવિધ રમતોનું ઉત્કૃષ્ટ પ્રશિક્ષણ પુરૂં પાડતા સમર કોચીંગ કેમ્પમાં ભાગ લેવા ૧૬ વર્ષથી નીચેની વયના ખેલાડીઓ, કોચ તેમજ ટ્રેઇનર માટે સરળતાથી ઓનલાઇન રજીસ્ટ્રેશન કરવામાં આ અપડેટ લ્પ્લ દ્વારા ફોન પર મળતી રહેશે.

શ્રીમતી આનંદીબહેન પટેલે સમર કેમ્પ-૨૦૧૫ના આયોજનથી રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય તજજ્ઞ પ્રશિક્ષકો દ્વારા ગુજરાતના હોનહાર ખેલાડીઓને વૈજ્ઞાનિક ઢબે તાલીમ આપી ખેલકૂદ ક્ષેત્રે ગુજરાતનું વિશિષ્ટ સ્થાન અંકિત કરાવવાના રમત-ગમત વિભાગ અને સ્પોટર્સ ઓથોરિટી ઓફ ગુજરાતના પરિણામકારી પ્રયાસને શકે છે. આ મોબાઇલ એપ્લીકેશન લોન્ચીંગ વેળાએ રમતગમત-સાંસ્કૃતિક પ્રવૃતિઓના રાજયમંત્રી

શ્રી નાનુભાઇ વાનાણી, મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી જી. સી. મુર્મુ, રમત-ગમત સચિવશ્રી મનિષ ભારદ્વાજ, સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતના ડાયરેકટર જનરલ શ્રી સંદીપ પ્રધાન તથા આંતરરાષ્ટ્રીય રમતોમાં ગુજરાતને ગૌરવ અપાવનારા ત્રણ સ્ટાર પ્લેયર પણ ઉપસ્થિત રહયા હતા.

## ગજાનન સેવા સમિતિએ સોનગઢના વિદ્યાર્થીઓ માટે તાલીમ શિબિર યોજી

ગાંધીનગર, તા.૧૫

સ્પર્ધાત્મક પરીક્ષાનો માહોલ ગુજરાતભરમાં ઉભો થયો છે. સરકારમાં નોકરી મેળવવા યુવાનો ખુબ જ પરિશ્રમ કરવા લાગ્યા છે. ગજાનન સેવા સમિતિ દ્વારા સોનગઢ કોલેજમાં તાલીમ શિબિર યોજી હતી. મોટી સંખ્યામાં યુવાનો જોડાયા હતાં.

ગજાનન સેવા સમિતિ દ્વારા તાપી જિલ્લાના સોનગઢ ખાતે ડી.વાય.એસ.ઓ. અને પી.એસ.આઇ. કોન્સ્ટેબલ સ્પર્ધાત્મક પરીક્ષા માટે ચાર દિવસીય તાલીમ શિબિરનું આયોજન કર્યું હતું. શિબિરમાં ૨૮ ગામડાના ૧૩૨ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા. વિદ્યાર્થીઓને પ્રવિણ વધાસીયા, નરેન્દ્ર ગામીત અને ઉર્મિલા ઝણકારે વિષય વાર માહિતી આપી હતી.

વિદ્યાર્થીઓને પરીક્ષાને લગતી શિક્ષણ સામગ્રીનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. દરરોજ ૫ કલાક અલગ અલગ અને વિદ્યાર્થીઓને મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ લાવવાની રીત શિખવાડવામાં આવી હતી. આ પ્રસંગે કોલેજના આચાર્ય રાજેશ પટેલ, સંસ્થાના મિલિન્દ ગુપ્તે સહિતના સભ્યો જોડાયા હતાં.

## મહર્ષિ અત્રિ તપોવનનો વાર્ષિકોત્સવ

ગાંધીનગર, તા.૧૫

મહર્ષિ અત્રિ તપોવન શાળાનો બારમો વાર્ષિકોત્સવ યોજાશે. આગામી ૧૮ એપ્રિલ શનિવાર સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન સે-૧૭ ટાઉનહોલ ખાતે યોજાશે. વાર્ષિકોત્સવમાં બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવશે.

## નાથીબા કોલેજની વિદ્યાર્થીની યુનિવર્સિટીમાં પ્રથમ

ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજ, સે-૨૩ ખાતે પ્રથમ વર્ષ અંગ્રેજી વિષયમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની કુ. એકતા કે. મોદીએ



ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવાયેલ પ્રથમ સોમેસ્ટરની પરીક્ષામાં સમગ્ર ગુજરાત યુનિવર્સિટીમાં અંગ્રેજી વિષયમાં પ્રથમ સ્થાન અને સમગ્ર આર્ટસ ફેકલ્ટીમાં આઠમું સ્થાન પ્રાપ્ત કરીને કોલેજ તેમજ ગાંધીનગરનું ગૌરવ વધારેલ છે. સમગ્ર કોલેજ પરિવાર તેમજ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ તરફથી કોલેજના આચાર્યા ડૉ. અમૃતાબહેન પટેલે તથા અંગ્રેજી વિભાગના સૌ પ્રાધ્યાપકોએ અભિનંદન પાઠવ્યા હતાં.

## વાવોલ હાઈસ્કૂલમાં ડૉ. આંબેડકરને શ્રદ્ધાંજલિ અર્પી

વાવોલમાં આવેલ શ્રી એમ.બી. પટેલ સાર્વજનિક વિદ્યાલયમાં ભારતીય બંધારણના ઘડવૈયા ડૉ. આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ મનાવવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ પ્રથમ બાબા સાહેબની પ્રતિમાનું પૂજન-અર્ચન કરી મંત્રોચ્ચાર કર્યા હતા. ત્યારબાદ બાબા સાહેબને પુષ્પાંજલિ આપી વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. પ્રશ્નોત્તરી કાર્યક્રમમાં ઉત્તર આપનાર તમામ વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા હતા. પ્રસંગે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, કર્મચારીગણ ઉપસ્થિત રહ્યો હતો.

## શ્રેષ્ઠ વિજ્ઞાન શિક્ષકનો એવોર્ડ મેળવ્યો

ગાંધીનગર, તા.૧૫

વિજ્ઞાન વિષયના શ્રેષ્ઠ શિક્ષકોને શ્રેષ્ઠ વિજ્ઞાન શિક્ષક એવોર્ડ આપવામાં આવે છે. આર.જી. પટેલ કન્યા માધ્યમિક શાળાના શિક્ષક ગીતેષભાઈને શ્રેષ્ઠ વિજ્ઞાન શિક્ષક એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

ગુજરાત સાયન્સ અકાદમી અમદાવાદના ઉપક્રમે પ્રાથમિક, માધ્યમિક, અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિજ્ઞાનના શિક્ષકોને એવોર્ડ આપવામાં આવે છે. સેકટર-૨૩ સ્થિત આર.જી. પટેલ કન્યા માધ્યમિક શાળાના શિક્ષક ગિતેષભાઈ પટેલને શ્રેષ્ઠ વિજ્ઞાન શિક્ષકનો એવોર્ડ એનાયત કરાયો છે. જેમાં રૂ. ૨૫૦૦ રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું છે. શાળાના આચાર્યા, શિક્ષક ગણે અને ટ્રસ્ટી મંડળે અભિનંદન પાઠવ્યા છે.

## આદિજાતિ સમાજના વકીલ વિદ્યાર્થીઓને લોન સહાયના ચેક વિતરણ કરાયા

ગાંધીનગર, તા. ૧૫

બિરસા મુંડા ભવન ખાતે મંત્રી મંગુભાઈ પટેલની અધ્યક્ષતામાં આદિજાતિ સમાજમાંથી વકિલ બનેલ




વિદ્યાર્થી મિત્રોને લોન સહાયના ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આદિજાતિ વિકાસ કોર્પોરેશનના અધ્યક્ષ શ્રીમતી રમીલાબેન બારા, વિભાગના સચિવ આર.સી. મીના, નિગમના ડીરેક્ટર અર્જુનભાઈ ચૌધરી, હર્ષદભાઈ વસાવા, માધુભાઈ રાણા તથા નિગમના કાર્યપાલક નિયામક દિનેશભાઈ પરમાર તેમજ સમગ્ર ગુજરાતમાંથી આવેલા સમાજના વકિલ મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

શ્રીમતી રમીલાબેન બારાએ સૌને આવકારતા જણાવ્યું હતું કે સમગ્ર ગુજરાતમાં આદિવાસી સમાજની વસ્તી ઉમરગામથી અંબાજી સુધીના વિસ્તારમાં વસવાટ કરે છે. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તેમજ ગતિશીલ ગુજરાતના પ્રણેતા મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આદિવાસી સમાજની સતત ચિંતા કરી સમાજના ઉત્થાન માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મુકી છે. તેમજ સમાજના વિદ્યાર્થિઓ ઉચ્ચ શિક્ષણ લઈ સમાજના મુખ્ય પ્રવાહમાં ભળે એવા પ્રયાસો કર્યા છે.

નિગમ દ્વારા વિદેશ અભ્યાસ અર્થે જનાર ૧૩૯ વિદ્યાર્થીઓને રૂ. ૧૩૩૦.૫૦ લાખનું ધિરાણ કરવામાં આવ્યું છે. તેમજ અનુસૂચિત જનજાતિના કાયદાના સ્નાતકોને સિનિયર વકીલના હાથ નીચે પ્રેકટીસ કરવા માટેની સહાય પેટે અત્યાર સુધીમાં કુલ રૂ. ૧૪૬.૮૮ લાખની ચુકવણી કરવામાં આવી છે. આ ઉપરાંત કોમર્શિયલ પાયલોટની તાલીમ માટે નિગમ દ્વારા ૧૬ આદિવાસી યુવક યુવતીઓને લોન પેટે ૧૬૦ લાખની રકમ પુરી પાડવામાં આવી છે મેડીકલના વિદ્યાર્થીઓને પણ નિગમ દ્વારા સહાય પુરી પાડવામાં આવે છે.

મંત્રી મંગુભાઈ પટેલે પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે રાજ્યમાં ૧૯૯૦ના વર્ષના આદિવાસી સમાજમાં શિક્ષણનું પ્રમાણ પુરૂષોમાં ૨૯ ટકા અને બહેનોમાં ૧૭ ટકા હતુ જે આજે વધીને ૬૩ ટકા થયું છે. જે રાજ્ય સરકારશ્રીની દુરંદેશી તથા મક્કમ નિર્ધારના કારણે શક્ય બન્યું છે. તેમણે જણાવ્યું હતું કે જ્યારે સમાજની કોઈ એક વ્યક્તિ શિક્ષિત થાય ત્યારે તેની નૈતિક જવાબદારી બને છે કે તે પોતાના સમાજને પણ શિક્ષિત કરવામાં ફાળો આપે અને તે રીતે એક શિક્ષિત તથા સુસંસ્કૃત સમાજનું નિર્માણ થાય. તેમણે આ પ્રસંગે ઉપસ્થિત રહેલ તમામ લાભાર્થીઓને હૃદયપૂર્વકના અભિનંદન પાઠવ્યા હતા. આ ઉપરાંત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે જુનીયર વકીલશ્રીઓ તથા તેમના સિનિયર વકીલશ્રીઓને સહાયના ચેકો અર્પણ કરવામાં આવ્યા હતા. અંતમાં કાર્યપાલક નિયામક દિનેશભાઈ પરમારે આભારવિધિ કરી હતી.

# બેકારીનું સત્ય અને સત્યની બેકારી

### વિચારોના મધુવનમાં
પ્રા. ડો. રાકેશ પટેલ

એક સમયે કોઇ પણ જણ શાંતિથી કામ કરી શકતો હતો. જમવાના સમયે જમતો અને આરામના સમયે પોઢતો! આજે વ્યક્તિ કશાક ઉચાટ સાથે, કોઇ અગમ્ય ચિંતા સાથે કામના સ્થળે વ્યક્તિ મથતો હોય છે. મારું સ્થાન કોઇ લઇ લેશે તો? મારા બોસ નારાજ થઇ જશે તો? મારું કામ કોઇ બીજાના નામે ચઢશે તો? આવી તો અનેક સીડીઓ પરથી કર્મચારીએ ચડ ઉતર કરવું પડે છે.

સત્ય એ છે કે ગરીબી બેરોજગારી વધતી જ ગઇ છે. અત્યાર સુધી સરકારના મોટા ભાગના પ્રયાસો લોન અને સબસીડી આધારિત રહ્યા છે. જે વ્યક્તિને સ્વાવલંબનની જગ્યાએ પરાવલંબન તરફ લઈ જાય છે પરાવલંબનના કારણે સરકારી સહાયનો દૂરઉપયોગ વધારે થયો મનુષ્યની સક્રિયતામાં ઘટાડો થયો વ્યક્તિ આળસુ, પ્રમાદી અને પરાવલંબી બની ગયો વ્યક્તિ શ્રમ અને પુરુષાર્થની જગ્યાએ સરકારી લોન અને સબર્સડી પર આધાર રાખતો થયો. ઓછામાં ઓછા પ્રયાસથી વધુમાં વધુ સંપન્ન થવાની ઈચ્છા ધરાવતો થયો. આવા વ્યક્તિઓ સમાજમાં હોંશિયાર અને પ્રર્તભાશાળી ગણાવા લાગ્યા.દેશમાં થતાઆર્થિક ગોટાળા પાછળ આજ માન્યતા કામ કરે છે. અને બેરોજગારો ની સાંખ્યામાં વધારો થતો રહ્યો. વ્યક્તિના ચિંતન થી લઈ જીવન શૈલી અને વ્યવસ્થાનું પણ પરીવર્તન કરવું પડે તેવી સ્થિતી છે.

વડાપ્રધાનશ્રીની ફ્રાંસ, જર્મની અને કેનેડાની યાત્રા કદાચ રોજગારીને દૂર કરવાની 'મેક ઈન ઈન્ડિઆ સ્લોગનને સાચું બનાવશે. ચીલાચાલું ગતકડાથી રોજગારી ન વધે. કૌશલ્ય નિર્માણ અને રોજગારીને સીધો સંબંધ રહ્યો છે. સ્વાવલંબન પણ બેકારીને દૂર હડસેલી શકે છે. સ્વાવલાંબનનાં લક્ષ્ય વ્યક્તિને ધનાઢ્ય બનાવવાનો નથી પરંતુ સાદગી, સંયમ અને સન્માન પરત્વે પોતાની આવશ્યકતાઓ કેવી રીતે પૂરી કરવી તેના માટે તૈયાર કરવાનું છે. ઈરછા અને જરૂરિયાતમાં ફરક છે. ઈચ્છાઓ કુબેર ઈન્દ્ર કે રાવણ કોઇની પૂરી થઈ શકતી નથી. પણ જરૂરીયાતો કોઈની પણ પૂરી થઈ શકે છે. જીવન ચલાવવાની જરૂરીયાતોમાં અનાજ,શરીર ઢાંકવા ૧૦ ગજ કપડું, ઘર, શિક્ષણ,સ્વાસ્થ્ય સુવિધા, અને સારા મનોરંજન ની વ્યવસ્થા જીવન ચલાવવા પૈસા જરૂરી છે, પરંતુ પૈસોએ જીવન ચલાવવાનું સાધન માત્ર છે. જીવનની આવશ્યક્તા પુરી થયા બાદનું ધન પ્રદર્શન અને વ્યસનને જન્મ આપે છે. જો ઈમાનદારી પૂર્વક શ્રમ કરવામાં આવે તો જીવનની જરૂરરયાતો પૂરી થઈ શકે છે. બાકીનો સમય પોતાનો વિકાસ અને લોક ઉપયોગી કાર્યોથી મનુષ્યો મહાન બની શકે છે. જો વધારાની ક્ષમતા વ્યસન અને પ્રદર્શનમાં લગાવે તો તે રાક્ષસ બને છે ઉપરાંત પરમાર્થ અને લોક ઉપયોગી કાર્યોમાં લગાવે તો તે મહાન બને છે. મનુષ્ય ભગવાનની સવોત્તમ કૃતિ છે. મનુષ્ય વધારે ક્ષમતા અને ઓછી જરૂરીયાતો લઈ જન્મે છે. સ્થાનીય સંસાધનો નો ઉપયોગ કરી સ્વાવલાંબી કઈ રીતે બને તેનાં માર્ગદર્શન અને પ્રેરણા આપવી. જો કૃષિ ઉદ્યોગ આપણી અથક શક્તિનો આધાર બને તો ગામ સ્વાવલાંબી અને આકર્ષક બને. શહેરીકરણ આજની સૌથી મોટી સમસ્યા છે. ગામને સ્વાવલાંબી બનાવવાથી જ ગામ અને શહેર બંન્નેની સમસ્યાઓનાં સમાધાન થશે. ગામ સ્વાવલાંબી બને આપણાં ગામમાં જ ખાતર બને આપણાં ગામમાં અનાજ પાકે આપણાં ગામમાં દાળ શાક ઉત્પન્ન થાય આપણાં ગામમાં કપડાં બને ગામમાં ઉપલબ્ધ થાય. આ બધા માટે આત્મનિર્ભર બનવાં ખૂબ આવશ્યક છે. આપણો દેશ ગામ અને કૃષિપ્રધાન છે. ભારતના લોકો ૭,૦૦,૦૦૦ ગામોમાં વસે છે ગામના ઉત્થાનથી રાષ્ટ્રીય ઉત્થાન જો કૃષિ ઉદ્યોગ આપણી અથક શક્તિનો આધાર બને તો ગામ સ્વાવલંબી બને. મનુષ્ય પોતાનાં આખાં જીવન ફક્ત પૈસા કમાવવા પાછળ લગાવી દે છે. સ્વયંનું મહત્વ અને અન્ય મહત્વની બાબતોને ગૌણ માનવા લાગે છે. સ્વાવલાંબી બનવાના આધાર શ્રમનો આધાર કુટીર ઉદ્યોગનો સરકારી અને બિનસરકારી ગરીબી નિવારણની યોજનાઓની નિષ્ફળતાનું કારણ શ્રેષ્ઠ ભાવના અને સહયોગાત્મક માનસિકતાનો અભાવ છે. સાવધાન! ફક્ત આર્થિક હેતુ માટે સ્વાવલંબી બનીશું તો વ્યસન, અહંકાર, જમાખોરી વગેરે દૂષણો પણ સાથે આવશે માટે પૂર્ણ સફળતા મેળવવા શ્રમશીલતા પ્રામાણિકતા સહકારિતા, શ્રમથી બચવું કેટલું વ્યાજબી ? આળસને આમાંત્રણ એટલે રોગને આમાંત્રણ. કામચોરવૃત્તિને આમંત્રણ એ પરાવલાંબનને આમાંત્રણ છે. શ્રમ કરવાની ક્ષમતા સતત અભ્યાસથી વધે છે જો નહીં વધારો તો જીવનની દોડમાંથી બહાર ફેંકાઈ જશો. સર્જનશીલ શ્રમ ઉદ્યમી માટે અનિવાર્ય છે શ્રમીક વ્યક્તિને નૈતિક અને કાનૂની પ્રમાણિક હોવો જરૂરી છે. ગરીબીનું મૂળ કારણ અદક્ષતા અને બેરોજગારી છે. મનુષ્ય એ પોતાની આંતરિક મૌલિક ક્ષમતા અને કૌશલ્યતાને વિકસીત ન કરવી, જો તેનો પૂરો ઉપયોગ કરવામાં આવે તો જીવન નિર્વાહમાં તકલીફ પડે એવી ઘટનાઓ નહીં બને. પશુપક્ષી સાધન વગર પણ પોતાની શરીરયાત્રા ચલાવી ક્રીડાકિલ્લોલ કરે છે. માટે મનુષ્ય એ પોતાની દક્ષતા વધારવી જોઈએ. અદક્ષતા,અનુત્સાહ,અવ્યવસ્થા તથા અસ્તવ્યસ્ત જીવનશૈલિ વ્યક્તિને કોઈ દિવસ ગરીબીથી છૂટકારો પામી શકતું નથી. દક્ષરરતાનું સૌથી મોટું કારણ પોતાના વ્યક્ક્ત્ત્વ સાથે જોડાયેલુ છે. અદક્ષતાનું સૌથી મોટું કારણ આળસ અને પ્રમાદ છે.

રાજા જનક હળ ચલાવી પોતાનું જીવન નિર્વાહ ચલાવતા. બાદશાહ નસરૂદ્દીન ટોપીઓ બનાવી પોતાનું જીવન ચલાવતા, મહાત્મા ગાંધી ચરખો ચલાવી જીવન ચલાવતા. વિનોબા ભાવે રોજ ૫ કિલો આટો દળી પોતાનું કામ ચલાવતા. શ્રમ પોતાની ઈચ્છાથી કરવો જોઈએ શ્રમને પ્રેમ કરવો એ જ શ્રમનો સહુથી શ્રેષ્ઠ આધાર છે. આઝાદી પછી ભારતે અપનાવેલી ઔદ્યોગિક નીતિ કેતલી સફળ છે. દુનિયાના બીજા દેશો કરતાં આપણી પાસે શ્રમશક્તિ વધારે છે. માટે ભારતમાં શ્રમને સુનિયોજિત કરવો બહુ જરૂરી છે. મશીનિકરણનો ઉદ્દેશ ઉત્પાદન સરળ કરવાનો છે. શ્રમને બેરોજગાર બનાવવાનો નહિ. આઝાદી બાદ યુરોપની ઔદ્યોકરણનું આંધળુ અનુકરણ અયોગ્ય છે. મૂંબઈમાં ૫૦ %, કાંદિવલ્લીમાં ૪૦% ગંદીવસ્તી અને ઝૂંપડપટ્ટીનો વિસ્તાર આપણા વિકાસ ઉપર કલંક છે. મશીનકૃત ઉદ્યોગોથી વધતી બેરોજગારી આ એક સુનિશ્ચિત અને નિર્વિવાદ સત્ય છે. મોટા ઉદ્યોગો દ્વારા થતું પ્રદૂષણ વાયુ પ્રદૂષણ એક મોટું સંકટ છે આનાથી તાપમાનમાં વધારો થાય છે. દમ, એટેક, ફેફસાનું કેન્સર વગેરે જેવા રોગો વધ્યા છે.

પી. કે. લહેરીના મત અનુસાર દેશમાં પ્રવર્તમાન બેરોજગારીની સ્થિતિ ધ્યાને લઈને કેન્દ્ર અને રાજય સરકાર રોજગારલક્ષી કાર્યક્રમો માટે કરોડો રૂપિયાની ફાળવણી કરે છે. સુવ્યવસ્થિત આયોજન વિના જુદા જુદા મંત્રાલયોને લક્ષ્યાંક ફાળવી તેની સિદ્ધિનાં પત્રકો ભરીને સંતોષ માનવાની પ્રથા હવે ટકી શકે તમે નથી. રોજગારી વધારવા માટે સભાનપણે દરેક નિર્ણયમાં રોજગારીના નવા અવસરો પ્રાજ્ઞ થાય તે માટે કાળજી કરવી પડે. કોર્પોરેટ જગત માટે નફો એ મહત્ત્વનું ચાલકબળ છે તેમાં શંકા નથી, પરંતુ તે નફાનો વાજબી ભાગ રોજગારી વધે તે માટે વપરાય તે આજની ખાસ જરૂરિયાત છે. રોજગારી માટે નીચે દર્શાવલાં પરિબળો મહત્વનાં છે :

**૧. કૌશલ્ય નિર્માણ :** સતત પલટાતી પરિસ્થિતિમાં નવા પ્રકારનું કૌશલ્ય ધરાવતી વ્યક્તિઓની જરૂર પડે છે. આજે આપણે વીજ અને વીજાણુ ઉપકરણોના યુગમાં જીવીએ છીએ. વાહનો, યંત્રો, પ્રવાસન વગેરેમાં કુશળ માણસોની જે ખરેખર આવશ્યકતા છે તે માટેના કૌશલ્યનિર્માણની વ્યવસ્થાની કમી છે. દાખલા તરીકે આગામી પાંચ વર્ષમાં પ્રવાસન ક્ષેત્રે અંદાજે ૩૦ લાખ કુશળ વ્યક્તિઓની જરૂર છે તે સામે પાંચ વર્ષમાં તાલીમ માટે ૧૨ લાખ લોકોને આવરી શકાશે. આવું જ કપડાંના ઉત્પાદનમાં છે. લગભગ પાંચ વર્ષમાં ૫૦ લાખની જરૂરિયાત સામે ટ્રેનિંગ કેપેસિટી ૨૦ લાખની છે. આવા અનેક ક્ષેત્રો છે, જેમાં ગુણવત્તાયુક્ત આધુનિક તાલીમની વ્યવસ્થા કરવામાં આવે તો રોજગારીની સમસ્યા હળવી બને અને ઉત્પાદનસેવા ક્ષેત્રે પણ ઝડપી વૃદ્ધિદર હાંસલ કરી શકાય.

આર્થિક અસમાનતા હોવી એ દેશ માટે બેકારીના દરવાજા ખોલવા બરાબર છે.બેકારી ભથ્થુ આપવું એ અંતિમ માર્ગ હોઈ શકે.

- સૌ પ્રથમ તો વાત એ કે તમે દરરોજ નિયમિત અખબાર વાંચો. તેનાથી તમને ઘણાં લાભ થશે, એક તો ખાલી પડેલ નોકરીની જાહેરતો જોવા મળશે.

બીજી વાત એકે રોજબરોજ દેશ અને દુનિયા માં બનતી ઘટનાઓથી માહિતીગાર બનશો તથા તમારા જનરલ નોલેજમાં સારો વધારો થશે, જે તમારા ઈન્ટરવ્યું વખ્તે ઘણું કામ લાગશે. યુવા રોજગાર, એમ્પ્લોયમેન્ટ ન્યુઝ, લિબર્ટી કેરિયર્સ ન્યુઝ , રોજગાર સમાચાર જેવા રોજગાર ને લગતા સામિયિકો વાંચો. અડધો કલાક પુસ્તકાલય માં વિતાવો, ત્યાં પણ તમને તમારી કેરીયર બનાવે તેવી ઘણી સામગ્રી મળી જશે.

અઠવાડીયા માં એકવાર સાયબર કાફે માં જઈ ને ઓન લાઈન ઈન્ટરનેટ પર જોબ સર્ચ કરી ને ઓન લાઇન એપ્લીકેશન કરો. સાયબર કાફેમાં ચેટીંગ અને ડેટીંગ માં સમય બગાડ્યાં વગર, તમે તમારું મુળ કાર્ય - નૌકરી અને કેરિયર ને લગતું કામ જ કરો, નહીં તો બીજી વેબસાઈટો માં ઉલઝાઈ જશો અને ખોટૉ ટાઈમ અને પૈસા બગડશે.

આ દેશને જો હું મારો માનતો હોંઉ, મારા સમાજના લોકોને મારા ભાઈબહેન માનતો હોઉ તો મારી જાતને કેટલાક પ્રશ્નો પૂછવા જોઈએ. એક ઘરમાં સરકારી નોકરી કરનાર વ્યક્તિ તેના ઘરના કોઈ વ્યક્તિના નામે આવક વધારનારી યોજનાનો એજન્ટ બની કમાણી કરે તે અન્યની રોજગારીને અસર કરે કે નહિ? ખેતી દ્વારા લાખો રૂપિયા કમાનાર મોટા ખેડૂતે કોઈ કરવેરો ભરવો કે નહિ ? સરકારી યોજનાઓનો લાભ ખાસ વર્ગના હોઈએ તો બીજી, ત્રીજી પેઢીએ પણ લેવાનો કે નહિ? કોઈ એક કચેરીમાં રહીને આવન જાવનના લાભ બીજી કચેરીમાંથી પણ લેવાય કે નહિ? સોની પાસે ભાવમાં કરકસર ન કરાવી શકનાર વીર સાંજે શાકવાળી પાસે શા માટે ભાવ કરાવતો હશે?

આપણી આગળની પેઢીને માત્ર ડોક્ટર્સ, એન્જીનીયર્સની જરૂર પડવાની છે? ઉદ્યોગપતિ, કલાકાર, શિક્ષક, રમતવીર, ફિલ્મકાર, સાહિત્યકાર અને પર્યાવરણજ્ઞાતાની પણ સમાજને એટલી જ જરૂર છે. જે રીતે આજકાલના વાલીડાઓ બાળકોની સાથે ધોરણ દસ , અગિયાર અને બારમાં સેમેસ્ટરમય થઈ છે. પણ તે પોતાના બાળકોનો વિકાસ કોઈ એક દિશાનો કરાવી રહ્યા છે તેવું લાગ્યા વગર નથી લાગતું ? અન્ય દિશાઓ કોરી અને વણસ્પર્શી રહી જાય છે. જેમ કે; સ્વાવલંબન, સમાજજીવનની આંટીઘૂંટી, ધર્મની શક્તિ, રાજકીય સમજ, વડિલોનો અનુભવ અને સમભાવ વગેરે જેવી બાબતો ન સમજતા તે વ્યાવસાયિક રીતે સ્થિર બનવા છતાં સામાજિક અને ભાવનાત્મક રીતે અસ્થિર જીવન જીવશે! અને કશુંક મેળવ્યા પછી પણ ઓડકાર નહિ ખાઈ શકે.